**દિવ્યાંગજનો માટે રાજ્ય સરકારની સેવાઓ/જગાઓમાં ચાર ટકા અનામતના અમલીકરણ માટે કમિશનરશ્રી,દિવ્યાંગ વ્યક્તિઓ માટેનાને રાજ્યકક્ષાના નોડલ અધિકારી જાહેર કરવા બાબત.**

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
ઠરાવ ક્રમાંક : SJED/misc/CourtCase/17/2023/1576/CHH-1 Section

**આમુખ:-**

The Right of Persons with Disabilities Act, 2016(RPwD Act,2016)ની કલમ-૩૩ અને ૩૪ ની જોગવાઇ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨ ની સુચનાઓ મુજબ દિવ્યાંગજનો માટે રાજ્ય સરકારની સેવાઓ/જગાઓમાં ચાર ટકા અનામતના અમલીકરણ માટે રાજ્યકક્ષાના નોડલ અધિકારી જાહેર કરી, તેઓશ્રીને આ હેતુ માટે જરૂરી સત્તાઓ અને ફરજો સોંપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

દિવ્યાંગજનો માટે રાજ્ય સરકારની સેવાઓ/જગાઓમાં ચાર ટકા અનામતનું રાજ્ય સરકારના તમામ વિભાગોના તમામ મહેકમોમાં અમલીકરણ થાય અને તમામ વિભાગોમાં એકસૂત્રતા જળવાય તથા સંકલન થાય તે હેતુથી કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેનાને રાજ્યકક્ષાના નોડલ અધિકારી જાહેર કરી તેઓશ્રીને નીચે મુજબની સત્તાઓ અને ફરજો સોંપવાનું ઠરાવવામાં આવે છે.

સત્તા:-

દિવ્યાંગજનો માટે રાજ્ય સરકારની સેવાઓ/જગાઓમાં ચાર ટકા અનામત માટે,

- જગ્યાઓ Identify કરવા તેમજ ૪% અનામતનાં અમલીકરણ અર્થે RPwD Act,2016 ની કલમ-૮૦ મુજબની કામગીરી કરવાની સત્તા રહેશે.
- અનામતની જોગવાઇનું અમલીકરણ સુનિશ્ચિત કરવા દર છ માસે તથા તેમને યોગ્ય લાગે તે સમયે વિભાગ કક્ષાનાં નોડલ અધિકારીશ્રીઓની બેઠક બોલાવી શકશે.
- વિભાગ કક્ષાનાં નોડલ અધિકારીઓ પાસેથી માહિતી, કામના કાગળો તેમજ અન્ય જરૂરી મદદ મેળવી શકશે.

ફરજો:-

દિવ્યાંગજનો માટે રાજ્ય સરકારની સેવાઓ/જગાઓમાં ચાર ટકા અનામત માટે,

- RPwD Act,2016 ની કલમ-૩૪ તેમજ સામાન્ય વહીવટ વિભાગનાં તા.૧૭/૦૯/૨૦૨૧ નાં ઠરાવ ક્રમાંક:- સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨ મુજબ રાજ્ય સેવા/પંચાયત સેવા ઉપરાંત રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ/કોર્પોરેશન/જાહેર સાહસો, વૈધાનિક સંસ્થાઓ, શાળાઓ, મહાશાળાઓ અને વિશ્વ વિદ્યાલયો, સરકાર પાસેથી ગ્રાન્ટ/લોન/આર્થિક સહાય મેળવતી તમામ સંસ્થાઓ, સહકારી સંસ્થાઓ, મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓની સેવાઓનાં મહેકમમાં દિવ્યાંગો માટે ૪% અનામતની જોગવાઇનું યોગ્ય રીતે અમલીકરણ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.
- ભરતી બોર્ડને માંગણાપત્રક મોકલવામાં આવે તે પહેલા જે તે સંવર્ગોમાં દિવ્યાંગો માટે જગ્યાઓ Identify થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.
- દિવ્યાંગ અનામતનાં અસરકારક અમલીકરણ માટે વિભાગ કક્ષાનાં નોડલ અધિકારીઓ સાથે દર છ માસે સમીક્ષા બેઠકનું આયોજન કરવાનું રહેશે.
- દિવ્યાંગતા અનામત સંદર્ભે થયેલ કોર્ટકેસોમાં સંબંધિત વિભાગોને યોગ્ય માર્ગદર્શન આપવું તથા રાજ્ય સરકાર વતી જરૂર જણાયે કોર્ટને યોગ્ય વિગતો આપવાની કામગીરી કરવાની રહેશે.
- આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા સોંપવામાં આવે તે કામગીરી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(યુવરાજસિંહ જાડેજા)
સરકારના ઉપસચિવ

Signature Not Verified
Signed by:Yuvrajsinh Pravinsinh Jadeja
Under Secretary
Date: 2024.04.29 16:21:36 +05:30


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર મારફત)
- માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલયના તમામ વિભાગો, સચિવાલય, ગાંધીનગર.(આપના વિભાગ હસ્તકની કચેરીઓ/જાહેર સાહસો/સરકારી કંપનીઓમાં પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- સર્વે નાયબ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવલાય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં.૪, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ક નં.૪, ત્રીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(વિભાગની વેબસાઇટ પર મૂકવા સારુ)
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૪

Signature Not Verified
Signed by:Yuvrajsinh Pravinsinh Jadeja
Under Secretary
Date: 2024.04.29 16:21:36 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign